# – : : આંક–૧૬ લગત હુકમ : : –

(૧) અરજી વંચાણે લીધી. તે અરજીના કામે સામાવાળા રીસ્પોન્ડન્ટને નોટીસ બજતાં તેઓ વિ. વ. શ્રી મારફતે હાજર થયેલા છે.

(૨) એપેલન્ટ તરફેના વિ. વ. શ્રી એ પોતાની અરજીનાં સમર્થનમાં દલીલો અત્રેની કોર્ટના ઈમેઈલ ઉપર મોકલી આપેલ. જેની પ્રત આંક–૨૨ થી આ કામે રજુ છે. જે વંચાણે લીધી. સામાવાળા તરફે આ કામે આજરોજ સુનવણી માટે મુદત રાખેલી પરંતુ તેઓ તરફથી લેખીતમાં કે ઈમેઈલ થી કે રુબરુમાં દલીલો આવેલી નથી કે મુદત રીપોર્ટ પણ આવેલો નથી જેથી તેઓનો દલીલનો હકક આથી બંધ કરવામાં આવેલ છે.

(૩) આ અરજીની હકીકત ધ્યાને લેતાં, એપેલન્ટનાઓ મુળ દાવાના કામનાં વાદી છે. તેઓએ ટ્રાયલ કોર્ટ સમક્ષ દાવો કરી તકરારી મિલકત તેમના મરહુમ પિતાની માલીકીની હતી અને તે મિલકત રીસ્પોન્ડન્ટનાઓએ ગેરકાયદેસર રીતે મેળવી લીધેલ છે અને તે રીતે દાવાવાળી મિલકતનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો વાદીઓને સોંપવાનો હુકમ કરવા તેમજ દાવાવાળી મિલકત અન્ય કોઈ ત્र ાહીતને તબદીલ કરે કરાવે નહી તેવી દાદ માંગતો દાવો કરેલો. સદર દાવો ટ્રાયલ કોર્ટે તા.૦૭/૦૨/૨૦૧૮ ના રોજ આખરી ઠરાવ આપી મુળ દાવો ફેસલ કરેલ છે. સદર દાવાના કામે વાદીએ જે દાદ માંગેલી તે દાદ ટ્રાયલ કોર્ટે ગ્રાહય રાખેલી નહી અને દાવો ના–મંજુર કરેલો છે. ત્યારબાદ, મુળ દાવાના વાદીઓ દવારા એપેલન્ટ

કોર્ટ સમક્ષ સદર રેગ્યુલર દિવાની અપીલ દાખલ કરેલ. તેના અનુસંધાને હાલની આંક–૧૬ ની મનાઈ હુકમ મળવા અંગેની અરજી એપેલન્ટએ આપેલ છે અને તેમાં જણાવેલ છે કે, દાવાવાળી મિલકતમાં રીસ્પોન્ડન્ટ નં.–૨ તરફથી નવેસરથી બાંધકામ, ચણતર કરવાનું કામ ચાલુ કરવાની તજવીજ હાથ ધરવામાં આવેલી છે. જે ગેરકાયદેસર છે. જેથી, તે અટકાવવા તેમજ મિલકત અંગે કોઈને તબદીલ કરે કરાવે નહી અને હાલની યથાવત સ્થિતી જાળવી રાખે તે મતલબનો અપીલ ચાલતા દરમ્યાન વચગાળાનો / કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવા જણાવેલ છે. તેના અનુસંધાને આંક–૨૫ થી આવેલી દલીલો તથા ફોટોગ્રાફસ ધ્યાને લેતાં, તેમાં મુળ દાવાની હકીકત તથા અપીલની હકીકત દર્શાવેલી છે. ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતાં તેઓનો મજબુત કેસ છે અને જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો સામાવાળા બાંધકામ ચણતર કરી દે તો નાણામાં નુકશાન થવા સંભવ છે. સામાવાળા દવારા બાંધકામ બાબતે વાદીઓની કોઈ પરવાનગી મેળવેલ નથી. વાદગ્રસ્ત જગ્યાના એપેલન્ટ સહમાલીક છે. જેથી, અરજી મંજુર કરવા જણાવેલ છે.

સામાવાળા તરફથી આજરોજ સદર અરજી બાબતે કોઈ લેખીત કે મૌખીક રજુઆત આવેલી નથી અને તેઓનો દલીલનો હકક બંધ કરેલો છે.

(૪) આ અરજી બાબતેની હકીકત ધ્યાને લેતાં, અપીલનું રેકર્ડ વંચાણે લીધું તથા ટ્રાયલ કોર્ટમાંથી આર એન્ડ પી મંગાવી મુળ દાવાનું રેકર્ડ વંચાણે લીધું. સમગ્ર દસ્તાવેજો ધ્યાને લીધા બાદ એ હકીકત સ્પષ્ટ અને પ્રથમ દર્શનીય રીતે જણાય છે કે,

વાદીનાં વડીલ ગુજ. કોળી છગનભાઈ હાજાભાઈએ પોતાની માલીકીનો સરકારી રાહે મળેલ પ્લોટ રોકડ અવેજ લઈને ગુજ. પુનાભાઈ ભોવાનભાઈને આપેલો અને તેઓએ રીસ્પોન્ડન્ટ નં.–૨ હરીભાઈ માંડણભાઈ વાઘેલાને રોકડ અવેજ લઈ તે પ્લોટ ટ્રાન્સફર કરેલો અને આ બાબતે એપેલન્ટ દવારા ટ્રાયલ કોર્ટ સમક્ષ સને–૨૦૧૦માં તે પડકારતો દાવો કરેલો. તે દાવાના કામે ટ્રાયલ કોર્ટ દવારા બન્ને પક્ષકારોનો સમગ્ર મૌખીક તથા દસ્તાવેજી પુરાવો લઈ તા.૦૭/૦૨/૨૦૧૮ ના રોજ ઠરાવ આપી વાદીનો દાવો ના–મંજુર કરેલ. સબબ વાદીએ એપેલન્ટ તરીકે હાલની અપીલ સને–૨૦૧૮ માં દાખલ કરેલી અને તેની સાથે આંક–૫ વચગાળાનો મનાઈ હુકમ મેળવવા અરજી આપેલી. જેમાં આ કોર્ટ દવારા કારણ દર્શક નોટીસ કાઢવાનો હુકમ થયેલ. ત્યારબાદ હાલની આ અરજી આપીને ફરીથી વચગાળાનો મનાઈ હુકમ મેળવવા દાદ માંગેલી છે. તે સંજોગોમાં ટ્રાયલ કોર્ટ સમક્ષ વાદીઓનો દાવો મંજુર થયેલો ના હોય તેઓની દાદ ના–મંજુર થયેલી છે. ટ્રાયલ કોર્ટ દવારા મુળ દાવાના કામે આંક–૫ ઉપર કરેલો યથાવત સ્થિતી જાળવવાનો હુકમ આખરી ઠરાવ આપતી વખતે તા.૦૭/૦૨/૨૦૧૮ ના રોજ ઉઠાવી લીધેલો છે. તે સંજોગોમાં વાદવાળા સ્થળે યથાવત સ્થિતી જાળવવાનો હુકમ આજની તારીખ સુધી રહેલો નથી. તે સંજોગોમાં દાવાવાળી મિલકત ઉપર એપેલન્ટ દવારા અપીલનો આખરી નિર્ણય ન થાય ત્યાં સુધી માંગવાનો કાયદેસરનો કોઈ હકક રહેલો નથી. કારણ કે, ટ્રાયલ કોર્ટ દવારા તેઓનો દાવો ના–મંજુર થયેલો છે અને દાવાવાળી મિલકત રીસ્પો. નં.–૧ ના એ રીસ્પો. નં.–૨ ને લખાણથી કબજા હકકે તબદીલ કરી દીધેલ છે. તેવા સંજોગોમાં, અરજદાર તરફથી ટ્રાયલ કોર્ટ દવારા તેમની તરફણેમાં

કોઈ હુકમ થયેલ ન હોય અને તેઓ પોતે કોઈ કબજો ધરાવતા ન હોય ત્યારે તકરારી મિલકત ઉપર જો મનાઈ હુકમ આપવામાં આવે તો હાર્ડશીપ આજની તારીખે કબજો ધરાવનારને પડે તેમ છે. તેવા સંજોગોમાં, અરજદાર તરફની દલીલો ગ્રાહય રાખવા લાયક નથી. તેવા સંજોગોમાં, સદર અરજી અન્વયે વચગાળાનો મનાઈ હુકમ આપવાની અરજી ના–મંજુર (રદ) કરતો નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## <u>–:: હુ ક મ ::–</u>

૦૧ એપેલન્ટની સદર આંક–૧૬ ની આ અરજી આથી ના–મંજુર (રદ) કરવામાં આવે છે.

૦૨ ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ તારીખ ૧૭ થી, માહેઃ સપ્ટેમ્બર, સનેઃ ૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી– સંભળાવી જાહેર કર્યો.

વંથલી.
તા.૧૭/૦૯/૨૦૨૦

**(પદ્મનાભ ગોવર્ધનરાય વ્યાસ )**
બીજા એડીશનલ ડિસ્ટ્રીકટ જજ,
વંથલી.
Code No.GJ00389